# ડેટા સેન્ટરના નુકસાનને કેમ અવગણવામાં આવે છે?



ડેટા સેન્ટરના સામે વિશ્વભરમાં ધીરે ધીરે વિરોધનો સૂર ઊઠી રહ્યો છે. ડિજિટલ સેવાઓ, ઈ-શાસન, ક્લાઉડ અને અન્ય અનેક રીતે ડિજિટલ માહિતી રોજેરોજ થોકબંધ રીતે એકઠી થાય છે. આ ડિજિટલ માહિતી જ્યાં સંગ્રહિત થાય છે તે એટલે ડેટા સેન્ટર. આ ડેટા સેન્ટરની આવશ્યકતા અત્યાર સુધી જેટલી હતી, તેનાથી તેની માંગ સતત વધી રહી છે અને તેથી હવે તેના તરફનો મોહ ઘટી રહ્યો છે. આવું થઈ રહ્યું છે તેનું એક કારણ તેમાં વપરાઈ રહેલી વીજળી છે. અમેરિકામાં અત્યારે સૌથી વધુ ડેટા સેન્ટર છે. 2023ના આંકડા મુજબ જોઈએ તો વૈશ્વિક ડેટા માર્કેટનો 40 ટકા હિસ્સો અમેરિકા પાસે છે. અમેરિકન કંપનીઓ ડેટા સેન્ટરમાં જોયેલા અવસરનો ફુગ્ગો ફૂટી ચૂક્યો છે અને હવે મહદંશે અમેરિકા અને યુરોપના રાજ્યોમાં નવા ડેટા સેન્ટર ખોલવા અંગે રોક આવી ચૂકી છે. તેમાં વીજળી ઉપરાંત, તેનાથી થતી પર્યાવરણીય અસર, પાણીનો વપરાશ અને ધ્વનિ પ્રદૂષણનું કારણ આપવામાં આવે છે.

ડેટા સેન્ટર જે ઝડપે વિકસિત દેશોમાં નિર્માણ પામ્યા, તેનાથી હવે તેના લાભ-મર્યાદાનો ખ્યાલ અમેરિકા સહિત વિકસિત દેશોને આવી રહ્યો છે. પરંતુ હજુ આપણા દેશનો તેમાં પ્રવેશ થયો છે અને તેથી આપણા દેશમાં ડેટા સેન્ટર માટે લાલ જાજમ પાથરવામાં આવી રહી છે. જોકે તે અંગે વેળાસરની ચેતવણી વર્લ્ડ બેન્કે હાલના તેના એક રિપોર્ટમાં આપી દીધી છે. વર્લ્ડ બેન્કે ભારત સહિત, બ્રાઝિલ, મલેશિયા, થાઈલેન્ડ અને ચીન જેવા દેશોમાં જો ડેટા સેન્ટર ઊભા કરવામાં આવશે તો તેની અસર વીજળીના વપરાશ અને તેના કિંમતો પર થશે - તેમ કહ્યું છે. પણ આપણી સરકાર માત્ર ડેટા સેન્ટર નિર્માણ કરવામાં ઉત્સાહી નથી, બલકે વિદેશી કંપનીઓને સ્થાનિક ડેટા સેન્ટરનો ઉપયોગ કરવા અર્થે ટેક્સમાં મસમોટી રાહત પણ

**ઈન સાઈડ આઉટ સાઈડ**
**કિરણ કાપૂરે**

આપશે. મતલબ, કે બધી બાજુથી જ્યારે નુકસાન દેખાતું હોય તેમ છતાં તે ખાડામાં આપણે કૂદવાનું નક્કી કર્યું છે. આ રીતે અગાઉ અમેરિકા અને યુરોપમાં પણ ડેટા સેન્ટર નિર્માણ માટે પડાપડી થઈ હતી. પરંતુ જે રીતે તેમાં પાણીનો વપરાશ વધતો ગયો તેમ જ્યાં ડેટા સેન્ટર આવ્યા હતા તે સ્થાનિક લોકોની ચિંતા વધતી ગઈ. અમેરિકાના વર્જિનિયામાં જ્યાં ડેટા સેન્ટરની સંખ્યા સારાં પ્રમાણમાં છે, ત્યાં ડેટા સેન્ટરોમાં પાણીની ખપત 2019ના મુકાબલે 2023 સુધીમાં બમણી થઈ ગઈ

**અગાઉના ડેટા સેન્ટર ન્યૂનત્તમ વીજળી અને સામાન્ય કૂલિંગ સિસ્ટમથી ચાલતા હતા, પરંતુ હવે તે ડેટા સેન્ટરનું કદ અને ક્ષમતા વધ્યા છે, જેના કારણે કંપનીઓ પોતાના નફા માટે રીતસર લોકો માટેના સંસાધનો વાપરવા માટે પણ અચકાતી નથી**

હતી. અને 2026 આવતાં આવતાં તે અનેકગણી થઈ છે.

હવે આ તો થઈ વિશ્વભરની વાત. પરંતુ ભારતમાં જ્યારે ડેટા સેન્ટર આવે તો તેનાથી સ્થિતિ શું ઉદ્ભવી શકે, તે જરા આંકડાથી સમજીએ. જેમ કે, 2025ના વર્ષ મુજબ ભારતના દોઢ ગિગાબાઈટની ક્ષમતા ધરાવતું ડેટા સેન્ટર અંદાજે 150 બિલિયન લિટર[અંદાજે દોઢ લાખ કરોડ લિટર] પાણીની ખપત કરે છે. આ ગણતરી ‘કાઉન્સિલ ઑન એનર્જી, એન્વાયર્મેન્ટ એન્ડ વૉટર્સ’ સંસ્થા દ્વારા થઈ છે. 2030 આવતાં સુધીમાં આ ખપત બમણી થશે. આ માટે જે પાણીની ખપત થવાની છે તેનો અંદાજ દર વ્યક્તિએ 135 લિટરની રોજની ખતપ ગણીએ તો તેટલાં પાણીથી એક કરોડની વસતી એક વર્ષ સુધી તે પાણીનો ઉપયોગ કરી શકે છે. આટલી માત્રામાં પાણી જો ડેટા સેન્ટરમાં જતું હોય તો ભારતમાં આ ઈન્ડસ્ટ્રીઝની પ્રવેશ કેવી રીતે થઈ શકે તે સવાલ છે. પરંતુ કેન્દ્ર અને રાજ્ય સરકાર આ આંકડા ઘોળીને પી ગઈ છે અને વિશ્વભરની ડેટા સેન્ટર નિર્માણ કરતી કંપનીઓને લાલચો આપીને પોતાના રાજ્યમાં આમંત્રણ આપી રહી છે. કેન્દ્ર સરકારે તો ડેટા સેન્ટર નિર્માણ કરનારી કંપનીઓને બે દાયકા સુધી ટેક્સમાંથી મુક્તિ આપી દીધી છે. હવે જરા આપણે ત્યાં પાણીની અછત કેટલી છે તેનો અંદાજ જોઈએ તો 2018ના ‘નિતી આયોગ’ના રિપોર્ટ મુજબ દેશમાં સાઠ કરોડ લોકો પાણીની અછતમાં જીવે છે. જોકે ડેટા સેન્ટર કેટલું પાણીનો ઉપયોગ કરી શકે તે અંગે કોઈ માપદંડ નિર્ધારીત કરવામાં આવ્યા નથી.

હવે જે સ્કેલ પર ડેટા સેન્ટર નિર્માણ પામી રહ્યા છે તેની વાત કરીએ. ગૂગલ અને અદાણી કંપની દ્વારા એઆઈનો પ્રોજેક્ટ આંધ્ર પ્રદેશના વિશાખપટ્ટનમ અને અન્નાકાપલ્લી જિલ્લાના દરિયા કિનારે લાવી રહ્યા છે. આ વિસ્તાર અગાઉથી જ પાણીની અછત ધરાવે છે. આ જિલ્લામાં ડેટા સેન્ટરનો અનેક લોકો વિરોધ કરી રહ્યા છે, પરંતુ સરકારે નિર્ધારીત કરી દીધું છે કે ડેટા સેન્ટર અહીં જ બનશે.

એક અંદાજ મુજબ જે સ્કેલનો ડેટા સેન્ટર અહીં બનવાનો છે તેનાથી વિશાખપટ્ટનમ કોર્પોરેશનનું બારથી પંદર ટકા પાણી તેમાં ઉપયોગમાં લેવાશે. મતલબ કે જે અગાઉથી પાણીનો ખાડો પડ્યો છે, તેનાથી લોકોએ વધારે ટેવાવવું પડશે. એઆઈ અને તે કારણે ડેટા સેન્ટરને લઈને સરકાર એવી પણ વાતો ચલાવી રહી છે કે તેનાથી લાખોની સંખ્યામાં નોકરીઓ આવશે. પરંતુ તે બાબતે પણ પશ્ચિમી દેશોને નિરાશા સાંપડી છે, અને મસમોટાં ડેટા સેન્ટર ચલાવવા માટે પણ ગણ્યાગાંઠ્યા થોડાં એક્સપર્ટ જોઈએ. આ ઈન્ડસ્ટ્રી મોટાં પ્રમાણમાં રોજગારીનું સર્જન કરતી નથી.

ડેટા સેન્ટરનો સ્કેલ મોટો ને મોટો થઈ રહ્યો છે. દુનિયાભરમાં કોર્પોરેટ કંપનીઓ તેના તરફ આકર્ષણ પણ રાખે છે. આપણા દેશમાં જે કંપનીઓ આ ક્ષેત્રમાં આવી રહી છે અથવા તો તેમની હાજરી અગાઉથી છે તેમાં ‘અદાણીકોનેક્સ’, ‘એનટીટી ડેટા’, ‘નેક્સ્ટ્રા - એરટેલ’, ‘સિફી ટેક્નોલોજી’, ‘યોટ્ટા ડેટા સર્વિસ’ જેવી કંપનીઓ છે. ગૂગલ-અદાણી દ્વારા જે પ્રોજેક્ટ વિશાખપટ્ટનમમાં નિર્માણ પામી રહ્યો છે, તેમાં છસ્સો એકરની જગ્યા માત્ર નવ દિવસમાં ક્લિઅર કરી દેવામાં આવી હતી. ઉપરાંત આંધ્ર પ્રદેશ સરકારે આ બંને કંપનીઓને મળીને 22,000 કરોડની કુલ માફી આપી છે. જેમાં જીએસટી, વીજળી અને પાણી ઉપરાંત સ્ટેમ્પ ડ્યૂટીના લાભ છે. આ રીતે બીજો એક પ્રોજેક્ટ મુંબઈ નજીક આવેલા થાણેમાં છે અને અહીંયા ‘એમેઝોન’ અંદાજે 47,000 કરોડ રૂપિયાનું રોકાણ કરશે. આશ્ચર્ય થાય પણ આ પ્રોજેક્ટ ગીચ વસતી ધરાવતા જગ્યામાં મંજૂર કરવામાં આવ્યો છે. અહીંયા પણ પ્રશ્ન પાણીનો જ છે. બીજું કે વસતી નજીક ધરાવતા આ ડેટા સેન્ટરમાં સતત એક અવાજ આવે છે, જેના કારણે પણ લોકોની ઉંઘ હરામ થઈ જાય છે. આ અવાજથી અનેક બીમારીઓ થાય છે તે પુરવાર થઈ ચૂક્યું છે, પરંતુ સરકાર આ બધી બાબતો તરફ બેધ્યાન રાખીને ‘મેઈક ઈન ઈન્ડિયા’ કરવા જઈ રહી છે.

ડેટા સેન્ટરને લઈને ઊભી થયેલી આ ભીતિ વિશેષ કરીને એઆઈના કારણે છે. એઆઈના કારણે જંગી ડેટાની સાચવણી અને સુરક્ષાની જરૂર કંપનીઓને પડી છે. અગાઉના ડેટા સેન્ટર ન્યૂનત્તમ વીજળી અને સામાન્ય કૂલિંગ સિસ્ટમથી ચાલતા હતા, પરંતુ હવે તે ડેટા સેન્ટરનું કદ અને ક્ષમતા વધ્યા છે, જેના કારણે કંપનીઓ પોતાના નફા માટે રીતસર લોકો માટેના સંસાધનો વાપરવા માટે પણ અચકાતી નથી. બીજું કે એકવાર કંપનીઓ આવી જાય પછી તેઓ શું કરે છે તે માટે તેલંગાણાના માકાગુડા ગામની દાખલો જાણવા જેવો છે. અહીંયા માઈક્રોસોફ્ટ કંપનીએ પોતાનું એક ડેટા સેન્ટર બનાવ્યું, જે 2025માં શરૂ થવાનું હતું અને તેનું 70 ટકા કામ પૂર્ણ થઈ ચૂક્યું હતું. સ્થાનિક લોકોએ જોયું કે કંપનીમાં જે રીતે ઔદ્યોગિક કચરો બહાર નીકળી રહ્યો હતો તે ગામમાં જ ઠલવાયો હતો. જે કારણે અહીંના દૂધાળા પશુઓ પર અવળી અસર થઈ. ગામમાં પ્રદૂષણ થયું, જેને દૂર કરતાં હવે વર્ષો લાગી શકે છે. આ કેસ હાલમાં કોર્ટમાં પેન્ડિંગ છે.

એક દલીલ એવી પણ છે કે ડેટા સેન્ટર વિના ચાલવાનું નથી, અનેક એવી ઈન્ડસ્ટ્રીઝ આજે આપણા દેશમાં ચાલી રહી છે, જે કાયમી નુકસાન કરી રહી છે. ઘણી આવી ઈન્ડસ્ટ્રીઝ તો યુરોપ-અમેરિકામાંથી પ્રતિબંધિત થઈને ભારતમાં પ્રવેશી છે.

એટલે આવી ઈન્ડસ્ટ્રીઝથી ઓછું નુકસાન થાય તે માટે તેની સ્થળ પસંદગી એવી રીતે થવી જોઈએ, જ્યાં ઓછામાં ઓછું નુકસાન થાય. પરંતુ કંપનીઓ પોતાના માટે પાણી, વીજળીને સુનિશ્ચિત કરીને રોકાણ કરવા માંગે છે, જ્યારે આપણી સરકારો તેમને કોઈ પણ ભોગે જવા દેવા માંગતી નથી. આખરે તેનું નુકસાન લોકોએ ભરપાઈ કરવું પડે છે.

# નાના માણસનો, મોટો ઈગો!



**ટાઇટલ્સઃ ખુશી અને ખુરશી જીરવવી અઘરી. (છેલવાણી)**

‘બૈરાગ’ ફિલ્મમાં અંધની ભૂમિકા ભજવ્યા બાદ દિલિપકુમાર ‘નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ બ્લાઇન્ડઝ’ નામની અંધજનોમી સંસ્થામાં ટ્રસ્ટી હતા. એકવાર એમણે અભિનેતા નસીરૂદ્દીન શાહને ત્યાં ચીફ-ગેસ્ટ તરીકે આમંત્રણ આપ્યું કારણ કે નસીરે ‘સ્પર્શ’ ફિલ્મમાં અંધનો અદ્ભૂત રોલ કરેલો અને નેશનલ એવોર્ડ મેળવેલો. પણ નસીરે, દિલિપસાહેબને લાંબો પત્ર લખ્યો કે- એ અઠવાડીએ એણે ક્યાં-ક્યાં શૂટીંગ કરવા જવાનું છે, ક્યો-કયો એવોર્ડ લેવા જવાનું છે વગેરે વગેરે.. જેથી કાર્યક્રમમાં નહીં આવી શકે. દિલિપકુમારે, પત્રને વાંચીને હસીને કહ્યું, “જનાબ. કહના ચાહતે હૈં કિ ‘આઇ હેવ અરાઇવ્ડ!’ એટલે કે ‘હું હવે એક લેવલ પર પહોંચી ગયો છું’!” નસીરે નવી નવી સફળતાના નશામાં પોતાની ફજેતી કરી લીધી. નવી સફળતા, નવો પાવર, નવી ખુરશીનો નશો- શરાબ, કોકેન કે હેરોઇન જેવા ડ્રગ્સથી વધારે કાતિલ હોય છે.

U.P.માં અત્યંત ગરીબ સમાજમાંથી આવેલ એક મુખ્યમંત્રી પાસે જેવો પાવર આવ્યો કે એમણે C.M. ઓફિસની પોતાની રૂમમાં એક જ ખુરશી પોતાના બેસવા માટે રાખી હતી. મુલાકાતી ગમે એટલો મોટો માણસ હોય એણે C.M. સામે પરાણે ઊભા જ રહેવાનું! આમાં ગરીબીમાંથી અચાનક પાવરફૂલ બનેલા C.M.નો ઇગો સંતોષાતો. મારો એક કઝીન નાનપણમાં મારા ગામ દ્વારકાથી નજીક મીઠાપુર ટાઉનમાં 10 કિ.મિ.ના અંતરે શની-રવિ ફરવા ગયો ને એને એમ લાગ્યું કે એણે જાણે માર્કો પોલોની જેમ જગતની યાત્રા કરી નાખી છે એટલે દ્વારકા પાછા આવીને જે સામે મળે એને પૂછે, કાં? ઓળખે છે? હવે બે દિવસમાં કોણ એને ભૂલી જવાનું કે એ બદલાઇ જવાનો? પણ આ છે નાના માણસનો, મોટો ઇગો! નવજાત પાવરમાં લોકો, તુઘલક જેવા નવા નવા નિયમો લાદતા હોય ને નવી ‘સૂબેદારી’નો સુંવાળો અહમ ને ભરમ પાળતા હોય છે.

**નવજાત પાવરમાં લોકો, તુઘલક જેવા નવા નવા નિયમો લાદતા હોય ને નવી ‘સૂબેદારી’નો સુંવાળો અહમ ને ભરમ પાળતા હોય છે**

**મિજાજ મસ્તી**
**સંજય છેલ**

કાદરખાન જ્યારે નં.1 ડાયલોગ-રાઇટર ને કોમેડિયન હતા ત્યારે દરેક સીનમાં છેલ્લી પંચલાઇન પોતાની જ રાખતા, જેથી સામેનો કલાકાર લાજવાબ થઇ જાય ને સીનના અંતે કાદરખાનને જ તાળીઓ મળે. પણ અસરાની જેવા કલાકાર, કાદરખાનની પંચલાઇન પર પોતાની પંચલાઇન ચાલુ સીનમાં નાખી દેતા ને પછી કાદરખાનને કંઇ ના સુઝે એટલે એ અસરાનીને થપ્પડ મારી દેતા! આવું બહુ ચાલ્યું પછી અસરાની જેવા સીનિયર કલાકારોએ કાદરખાન સાથે કામ કરવાનું જ બંધ કરી દીધું. નવા પાવરમાં લઘુતાગ્રંથિની લીલા સોળે કળાએ ખિલતી હોય છે.એક નાનકડ શહેરમાંથી ચૂંટાયેલા નેતા અચાનક મોટામંત્રી બની ગયા ત્યારે જૂના સરકારી અધિકારીઓને ખૂબ હડધૂત કરતા પણ સત્તા સામે સૌ લાચાર. એકવાર એક મામૂલી પિયુને મંત્રીને સંભળાવી દીધુ, મંત્રીજી, એ ન ભૂલતા કે તમે 5 વરસ માટે છો, હું તો પર્મેનંટ છું!

**ઇન્ટરવલઃ**

**આજ મૈં જહાં હું, કલ કોઇ ઔર થા**
યે ભી એક દૌર હૈ, વો ભી એક દૌર થા. (સાહિર)

મેં શરૂશરૂમાં કાલીઘેલી કવિતાઓ લખવાનું શરૂ કરેલી ત્યારે મેં એક અ-કવિ મિત્રને મારી કવિતા સંભળાવીઃ ઇચ્છાઓના ખેતરમાં લાગણીઓનાં ઘોડા તબડક તબડક તબડક તબડક દોડે. મિત્રએ સૂચવ્યુંઃ ‘તબડક-તબડક’ 4 વાર ને બદલે 2 વાર કર. મેં સૂચન માન્યું પણ પછી એ દરેક લાઇનમાં બે-બે શબ્દો કાપી નાખવાનું સૂચન કરવા માંડ્યો, જાણે કવિતા એની પોતાની હોય! મેં કંટાળીને આમ કરવાનું કારણ પૂછ્યું તો એણે નિખાલસતાથી કહ્યુંઃ મને તારી કવિતા કાપવામાં બહુ મજા આવે છે! જો કે બીજાની રચના કે લખાણ કાપવાનો અધિકૃત પાવર, વિદેશોમાં મોટી મોટી પબ્લિશિંગ કંપનીના તંત્રી પાસે હોય છે. નવા લેખકોના અપ્રગટ પુસ્તકોને રિજેક્ટ કરવા કે એમાં કાપકૂપ કરવાની સત્તા હોય છે. ઇતિહાસ ગવાહ છે કે જે.કે. રોલિંગ, જેફ્રી આર્ચર જેવા બેસ્ટસેલર લેખકના પુસ્તકોને એ તંત્રીઓએ વરસો સુધી વારંવાર નકાર્યાં હતાં અથવા તો સુધારીને બગાડયા હતા. આજે એ જ જેફ્રી આર્ચર, જે.કે. રોલિંગ, મારિયો પુઝો જેવા લેખકો અને એમની એ જ નવલકથાઓ જગભરમાં અમર છે ને તંત્રીઓને કોઇ જાણતું પણ નથી.

મહાકવિ-નાટ્યકાર શેક્સપિયરની એક રચનાનું ત્યારની ઇંગલેંડની રાણી એલિઝાબેથ પહેલીએ ભરસભામાં ટીકા કરીને અપમાન કરેલું ત્યારે શેક્સપિયરે કહેલું,’ઇતિહાસ શેક્સપિયરને યાદ રાખશે પણ એના સમયમાં કઇ રાણી કે રાજા હતો એ કોઇને યાદ પણ નહીં હોય!’ થયું પણ એવું જ ને?

ગુજરાતી રંગભૂમિના ટેલેંટેડ પણ ખૂબ તુમાખીવાળા નિર્દેશક અરવિંદ ઠક્કરનો આંતરકોલેજ નાટ્ય સ્પર્ધાઓમાં સિક્કો ચાલતો. પણ આવી નાનકડી પ્રવૃત્તિમાં એમણે પણ પાવરના નશામાં ત્યારના નવાસવા અભિનેતા જતીનને બધાની સામે થપ્પડ મારેલી. પછી એ જતીન, ‘રાજેશ ખન્ના’ બનીને દંતકથા સમાન સુપરસ્ટાર બની ગયા અને અરવિંદ ઠક્કર અમુક નાટકો આપીને શરાબ, ગુનાખોરી અને મનોરોગનો શિકાર બનીને ગુમનામીમાં ખોવાઇને કરૂણ રીતે મૃત્યુ પામ્યા. વરસો સુધી મુંબઇ કે ગુજરાતના પાઠ્યપુસ્તકોમાં ત્યારના વિદ્વાનોએ મહાકવિ મરીઝની ગઝલોને ક્યારેય પાઠ્યપુસ્તકોમાં સ્થાન આપ્યું નહીં આજે એ વિદ્વાનોની હયાતિ કોઇને યાદ નથી પણ મરીઝની ગઝલો, લોકોનાં દિલ પર હજીયે રાજ કરે છે! ભારતીય હાસ્ય-વ્યંગના બાદશાહ હરિશંકર પરસાઇએ કહેલું, મારી વ્યંગરચનાઓ માટે તંત્રીઓ અને વિવેચકો કહેતા કે આ બધું હસાવવાનું છોડો, કશુંક એવું લખો કે સાહિત્યમાં અમર થઇ જાવ! મને ‘અમર’ બનવાનું કહેનારાઓ એ બધા ક્યારના ય મરી ગયા ને હું હજી યે લખું છું! ખરેખર તો કોઇપણ લેખક-કલાકાર કે સત્તાધિષ, સમયના વિશાળ મહાસાગરમાં ઉપર-નીચે ઉછળતા-પડતા મોજાં જેવા હોય છેકોઇકની લહેર મોટી, તો કોઇકની નાની, પણ આખરે તમામ લહેરે ખતમ જ થવાનું છેને? આનાથી મોટું ‘પાવર’ વિશેનું કોઇ સત્ય નથી.

**ઍંડ-ટાઇટલ્સઃ**

**ઇવઃ** તને શેનો આટલો ઇગો છે?

**આદમઃ** તને મેળવવાનો!

# પ્રતિભાથી સિસ્ટમ સુધી : ઝારખંડ ક્રિકેટના પરિવર્તનની કથા

ઝારખંડ ક્રિકેટ એસોસિએશનના સચિવ સૌરભ તિવારી એક ક્રિકેટર તરીકે પોતાના રાજ્યને રણજી ટ્રોફી જીતાડી શક્યા નથી અને હવે તેનું ધ્યેય એ છે કે પોતાનું અધુરુ રહેલું સપનું હવે તે એક વહીવટકર્તા તરીકે પૂર્ણ કરવાની ખેવના ધરાવે છે. જો કે ઝારખંડની કથા ફક્ત રણજી ટ્રોફી જીતવા સુધી મર્યાદિત ન રહી શકે. કુમાર કુશાગ્ર , શિખર મોહન , અનુકુલ રોય , રોબિન મિંઝ અને કુનૈન કુરેશી જેવા નામો ઝારખંડની નવી પેઢીની ક્ષમતા દર્શાવે છે. કેટલાક દુલીપ ટ્રોફી, ઈરાની ટ્રોફી અને ઈન્ડિયા એ જેવા પ્લેટફોર્મ પર પોતાની છાપ છોડી રહ્યા છે, જ્યારે અન્ય IPL અને સ્થાનિક ક્રિકેટમાં સતત સારું પ્રદર્શન કરી રહ્યા છે. ઝારખંડની ટીમે તાજેતરમાં સૈયદ મુશ્તાક અલી ટ્રોફી જીતી નથી , પરંતુ ઝારખંડના ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફથી બનેલી ટીમ, ઈસ્ટ ઝોને પણ દુલીપ ટ્રોફી જીતી છે. ઝારખંડમાં હંમેશા પ્રતિભાશાળી ખેલાડીઓનો ભંડાર રહ્યો છે. મહેન્દ્ર સિંહ ધોની, વરુણ એરોન, તિવારી, નદીમ, જગ્ગી અને ઈશાન કિશન જેવા ખેલાડીઓએ રાજ્યને માત્ર રાષ્ટ્રીય સ્તરે જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ઓળખ અપાવી છે. 2010-11 વિજય હજારે ટ્રોફી જીતવી પણ આ સફરનો મુખ્ય ભાગ હતો. પરંતુ હવે ધ્યાન ફક્ત પ્રતિભા શોધવા પર નહીં, પરંતુ ખેલાડીઓને સતત સુધારવા અને તેમના માટે પૂરતા વિકલ્પો બનાવવા પર છે.

આ સમગ્ર પ્રક્રિયાની વિગતોમાં ઊંડા ઉતરતા પહેલા, સૌરભ તિવારી એક મહત્વપૂર્ણ મુદ્દો ઉઠાવે છે. તે કહે છે કે હું જાણું છું કે છેલ્લા કેટલાક વર્ષોમાં, આપણા રાજ્યએ અચાનક પ્રતિભાશાળી ખેલાડીઓનો એક મોટો સમૂહ ઉત્પન્ન કર્યો છે. પરંતુ શું આ અચાનક એટલા માટે બન્યું કારણ કે હું, શાહબાઝ નદીમ ભાઈ, અથવા મારા ક્રિકેટ સાથી ખેલાડીઓ મેનેજમેન્ટમાં આવ્યા? ક્રિકેટમાં આવું ક્યારેય નથી. અમારી પાસે જાદુઈ છડી નથી. સત્ય એ છે કે, અમે ઘણું ક્રિકેટ રમ્યું છે, અમારી પાસે અનુભવ છે, અને અમે તેના આધારે કામ કરી રહ્યા છીએ. અમારા મેનેજમેન્ટ, કોચ અને પસંદગીકારોએ ત્રણ-ચાર બાબતો ખૂબ જ પ્રામાણિકપણે કરી છે. પ્રથમ, ખેલાડીઓને શક્ય તેટલી શ્રેષ્ઠ તાલીમ આપવી જોઈએ. તેમની ફિટનેસ સુવિધાઓ વૈજ્ઞાનિક હોવી જોઈએ, પસંદગી પ્રક્રિયામાં તર્ક હોવો જોઈએ અને ભવિષ્ય માટે યોજના હોવી જોઈએ. તિવારીએ એક ઉદાહરણ આપ્યું. રાંચીમાં વરસાદ ઘણીવાર



**ઝારખંડમાં હંમેશા પ્રતિભાશાળી ખેલાડીઓનો ભંડાર રહ્યો છે. મહેન્દ્ર સિંહ ધોની, વરુણ એરોન, તિવારી, નદીમ, જગ્ગી અને ઇશાન કિશન જેવા ખેલાડીઓએ રાજ્યને માત્ર રાષ્ટ્રીય સ્તરે જ નહીં પરંતુ ઇન્ટરનેશનલ સ્તરે પણ ઓળખ અપાવી છે. 2010-11 વિજય હજારે ટ્રોફી જીતવી પણ આ સફરનો મુખ્ય ભાગ હતો. પરંતુ હવે ધ્યાન ફક્ત પ્રતિભા શોધવા પર નહીં, પરંતુ ખેલાડીઓને સતત સુધારવા અને તેમના માટે પૂરતા વિકલ્પો બનાવવા પર છે**

મેદાન પર પ્રેક્ટિસ અને મેચના સમયપત્રકમાં વિક્ષેપ પાડે છે. પરિણામે, ઘણા JSCA ખેલાડીઓ મહિનાઓ સુધી ક્રિકેટથી દૂર રહે છે.

આ વર્ષે, ઝારખંડની ટીમ ઓફ-સીઝન દરમિયાન 29 ઓગસ્ટના રોજ ચેન્નાઈ ગઈ હતી અને ત્યાં લગભગ ચાર અઠવાડિયા ગાળ્યા પછી, કર્ણાટકમાં 20 દિવસનો કેમ્પ યોજ્યો હતો. ચેન્નાઈ તાલીમ સત્રો દરમિયાન, ખેલાડીઓએ બપોરે 12 થી 1 વાગ્યા સુધી તાલીમ સત્રો પણ યોજ્યા હતા જેથી તેઓ મુશ્કેલ પરિસ્થિતિઓ માટે તૈયાર થઈ શકે. આ તૈયારી ફક્ત મેદાન પરની પ્રેક્ટિસ સુધી મર્યાદિત ન હતી. ધ્યેય ખેલાડીઓને ગરમી, હવામાન અને લાંબા સિઝનના પડકારો માટે તૈયાર કરવાનો હતો. ફિટનેસ અને રમતગમત વિજ્ઞાન ઝારખંડ ટીમની મુખ્ય ટુર્નામેન્ટમાં સારું પ્રદર્શન કરવાની ક્ષમતાનો મુખ્ય ઘટક છે. ટીમના બોલિંગ અને સહાયક કોચ, સન્ની ગુપ્તાએ આ પ્રયાસમાં મૂલ્યવાન સાબિત કર્યું છે. ગુપ્તા લાંબા સમયથી MRF પેસ ફાઉન્ડેશન સાથે સંકળાયેલા છે, જ્યાં તેમણે ડેનિસ લિલી અને ગ્લેન મેકગ્રા જેવા દિગ્ગજો સાથે કામ કર્યું છે. તેઓ દિલ્હી ડેરડેવિલ્સ માટે પણ રમી ચૂક્યા છે અને દિલ્હી કેપિટલ્સની સ્કાઉટિંગ ટીમનો ભાગ હતા. ગુપ્તા કહે છે, આપણા ખેલાડીઓની તૈયારી હવે ફક્ત નિયમિત પ્રેક્ટિસ પર આધાર રાખતી નથી. તેમની ફિટનેસ અને તાકાતનું નિયમિતપણે મૂલ્યાંકન કરવામાં આવે છે. દર બે અઠવાડિયે, ફિઝિયો અને સ્ટ્રેન્થ ટીમ ખેલાડીઓની સ્થિતિની સમીક્ષા કરે છે. બોલરોના નેટ ઓવર, મેચ સ્પેલ અને રિકવરીનું નિરીક્ષણ કરવામાં આવે છે. જો કોઈ ખેલાડીનો વર્કલોડ જોખમ સ્તર સુધી પહોંચે છે, તો આરામ અથવા પુનર્વસનની જરૂરિયાત અંગે નિર્ણય લેવામાં આવે છે. પોષણ, ઊંઘ અને હાઈડ્રેશન પર પણ ધ્યાન આપવામાં આવે છે. આ સિસ્ટમનો હેતુ ફક્ત ઈજાઓ અટકાવવાનો નથી, પરંતુ સમગ્ર સિઝન દરમિયાન ખેલાડીઓને ઉપલબ્ધ અને સ્પર્ધાત્મક રાખવાનો છે. ગુપ્તાના મતે, છેલ્લી રણજી સિઝનમાં ટીમનો કોઈ ખેલાડી ઘાયલ થયો ન હતો. જોકે, એક જ સિઝનમાં ઈજાઓની ગેરહાજરી એ સિસ્ટમની સફળતાનો અંતિમ માપદંડ નથી. ચાવી એ છે કે ખેલાડીઓની સ્થિતિનું સતત નિરીક્ષણ કરવું અને જો જરૂરી હોય તો તેમના કાર્યભારને સમાયોજિત કરવું. JSCA ના કાર્યનું બીજું પાસું એ છે કે એક જ ફોર્મ્યુલા લાગુ કરવાને બદલે વ્યક્તિગત ખેલાડીઓની જરૂરિયાતોને અનુરૂપ બનાવવું. કુમાર કુશાગ્ર આનું ઉત્તમ ઉદાહરણ છે.૨૦૨૨માં, તેણે રણજી ટ્રોફીમાં ૪૨૯ રન બનાવ્યા હતા, પરંતુ ૨૦૨૩-૨૪માં તેની સાતત્યતામાં ઘટાડો થયો અને તે ફક્ત ૩૩૩ રન બનાવી શક્યો. ટીમ મેનેજમેન્ટને તેની ટેકનિક પર વિશ્વાસ હતો, પરંતુ ટીમમાં તેની ભૂમિકા અંગે ઘણી ચર્ચા થઈ હતી. મેનેજમેન્ટનું માનવું હતું કે કુશાગ્રને બેટિંગ ક્રમમાં ઉપર પ્રમોટ કરીને વધુ જવાબદારી સોંપવી જોઈએ. ગુપ્તા કહે છે, કુશાગ્ર પાસે સારી ટેકનિક છે. અમને લાગ્યું કે તેને બેટિંગ ક્રમમાં ઉપર ખસેડીને વધુ જવાબદારી સોંપવી જોઈએ. અમે તેના પર વિશ્વાસ કર્યો અને તેને ત્રીજા નંબર પર રમાડવાનું નક્કી કર્યું. અમે સૈયદ મુશ્તાક અલી ટ્રોફી દરમિયાન વિરાટ સિંહ સાથે પણ આવું જ કર્યું અને તે અમારા માટે કામ કર્યું. આ પરિવર્તનની અસર રેડ-બોલ ક્રિકેટમાં તરત જ જોવા મળી. બરોડા સામેની રણજી ટ્રોફી મેચમાં ત્રીજા નંબરે ઉતરતા કુશાગ્રે તેની પહેલી ઈનિંગમાં 367 બોલમાં 234 રન બનાવ્યા. ત્યારથી કુશાગ્રે પોતાનું પ્રદર્શન ચાલુ રાખ્યું નથી, અને ઈન્ડિયા A મેચો દ્વારા, તે હવે ભારતીય ટેસ્ટ ટીમમાં સ્થાન મેળવવાનો દાવેદાર છે. કુશાગ્રે સફેદ બોલના ક્રિકેટમાં પણ પોતાની ભૂમિકા પ્રશંસનીય રીતે ભજવી હતી. 2025-26 સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં, તેણે 10 મેચમાં 422 રન બનાવ્યા અને ઝારખંડના ટાઈટલ અભિયાનમાં મુખ્ય ભૂમિકા ભજવી. હરિયાણા સામેની ટુર્નામેન્ટ ફાઈનલમાં, તેણે 38 બોલમાં 81 રન બનાવ્યા.દરમિયાન, ડાબોડી સ્પિનર મનીષીની વાર્તા એક અલગ પ્રકારના પડકાર વિશે વાત કરે છે. 2024-25 રણજી ટ્રોફી સીઝનમાં, તેણે સાત મેચોમાં 11 ઈનિંગ્સમાં 22 વિકેટ લીધી. 2025 દુલીપ ટ્રોફીમાં, મનીષીએ નોર્થ ઝોન સામે એક ઈનિંગ્સમાં છ વિકેટ લઈને પોતાની ક્ષમતા દર્શાવી. જોકે, ત્યારબાદ તેનું પ્રદર્શન ઘટ્યું. મનીષીએ 2025-26 રણજી ટ્રોફી સીઝનમાં ત્રણ મેચમાં સાત વિકેટ લીધી. તેણે 2026 ઝારખંડ પ્રીમિયર લીગમાં સંથાલ સ્ટ્રાઈકર્સ માટે તેના પ્રદર્શનનું સરેરાશ પ્રદર્શન પણ કર્યું, આઠ મેચમાં ચાર વખત વિકેટવિહીન રહ્યો. મેચો દ્વારા તેની લય બનાવવાનો પ્રયાસ કરવાને બદલે, JSCA એ તેની ફિટનેસ, વજન, ફિલ્ડિંગ અને બોલિંગ પર વ્યક્તિગત રીતે કામ કરવાનું નક્કી કર્યું. તેની નબળાઈઓ ઓળખવામાં આવી, અને સુધારણા માટેની યોજના વિકસાવવામાં આવી, જેમાં તેના બોલ રિલીઝ અને કાંડાની સ્થિતિ પર કેટલાક કામનો સમાવેશ થાય છે. આ એ જ ફિલસૂફીનો ભાગ છે જે ખેલાડીનું મૂલ્યાંકન ફક્ત તેના વર્તમાન પ્રદર્શન પર જ નહીં, પરંતુ તેની ક્ષમતા અને ભવિષ્યની સંભાવના પર પણ કરે છે.

**ખેલખેલમેં**